ડાયરેક્ટ સે

કૌન હૈ
જિસકે પાસ
કમી નહીં હૈ
આસમાં કે
પાસ ભી
ઝમીં નહી હૈ

જન્મદિને વધામણી

ફોરમ અશોકકુમાર ઠાકોર

શકુંતલાબેન એમ. નાયક

નરસિંહભાઈ એસ. પરમાર
કાર્યાલય મંત્રી
ભાજપા-ગાંધીનગર જીલ્લા
મો. ૯૩૨૮૦ ૬૧૧૯૫

મનોજ મોરી પીએચડી થયા

ગાંધીનગર, તા. ૧૧

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદના ગ્રામીણ પરિસર-રાંધેજા ખાતે સંચાલિત ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્રમાં મનોજ યુ. મોરીએ પરંપરાગત લોકજ્ઞાન-વિજ્ઞાનઆધારિત આજીવિકાહુન્નર અને પ્રાકૃતિક સંસાધનોના સંરક્ષણના અનુસંધાને સમ્પોષિત ગ્રામીણ વિકાસના વ્યવસ્થાપકીય પરિમાણોનું અભ્યાસ (ગુજરાત રાજ્યના જૂનાગઢ અને સોમનાથ જિલ્લાને ધ્યાનમાં રાખીને) વિષય ઊપર પીએચ.ડી. કક્ષાનો સંશોધન કાર્ય ડૉ. લોકેશ જૈનના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. તેમને ગ્રામીણ ક્ષેત્રે દરિયાકાંઠા તેમજ જંગલવિસ્તારમાં રહેતા ગ્રામીણ લોકોની હુન્નરલક્ષી સૂઝબૂઝને અને તેમાં રહેલા સંપોષિત વિકાસલક્ષી વ્યવસ્થાપકીય પરિમાણો ઉપર પ્રકાશ પાડયું છે. એ હુન્નરનોની પ્રકૃતિ સંપોષિત હોવા છતાં સંપૂર્ણપણે અસ્તિત્વ ટકાવી શકતા નથી. હજી એવા હુન્નરો આપણા ગામડાઓમાં જીવંત છે જે સ્થાનિક સંસ્કૃતિ, લોક આરોગ્યને જીવંત રાખવામાં સક્ષમ છે અને લોકોને પોષણક્ષમ રોજગારી પૂરી પાડે છે અને તેઓની કાર્ય પધ્ધતિ એવી છે કે જેમાં ઉપલબ્ધ કુદરતી સંસાધનોનું ખપપુરતું વિવેકપૂર્ણ ઉપયોગ થઇ રહ્યું છે. છતાં આધુનિક જીવનશૈલીની હરોળમાં ગામડાઓમાં રહેલા પરસ્પરની જરૂરિયાતને સંતોષતા વિવિધતાપૂર્ણ હુન્નરોની સ્થિતિ કપરી બની રહી પડી છે. ઘણા સંપોષિત વિકાસલક્ષી હુન્નરો લુપ્ત થઇ ગયા છે અને અમુક લુપ્ત થવાના આરે પણ છે.

ગાંધીનગર નવગુજરાત લો કોલેજ દ્વારા

સાબર ડેરી, ગ્રાહક તકરાર નિવારણ ફોરમની મુલાકાત

૭ એપ્રિલ ૨૦૧૮ ના રોજ સોમનાથ કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગર ની પ્રતિષ્ઠિત નવગુજરાત લો કોલેજ, સેકટર-૨૮ દ્વારા વિદ્યાર્થીઓના અભ્યાસ ના ભાગ રૂપે સાબરડેરી હિમતનગર ખાતે રૂબરૂ મુલાકાત લઇ ફેક્ટરી લો, લેબર લો, જેવા વિષય નું વિસ્તૃત જ્ઞાન મેળવ્યું હતું તેમજ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ માં ગ્રાહક ને મળતા અધિકારો તેમજ ગ્રાહક નું થતું સોસણ, પર વિસ્તૃત જ્ઞાન મેળવી તેનાથી સજાગ થાય તેવા હેતુ સાથે વિદ્યાર્થીઓને મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

વીણાબેન વોરા દ્વારા સતત ૧૭મા વર્ષે ઝેવિયર્સ સ્કૂલમાં સમર હૉબી ક્લાસીસ

હૉબી ક્લાસમાં ભાગ લેવા ગાંધીનગરનાં સૌ બાળકોને નિમંત્રણ

ગાંધીનગર, તા. ૧૧

છેલ્લાં ૧૬ વર્ષથી પ્રતિવર્ષ બાળકોના વ્યક્તિત્વના વિકાસ માટે તથા તેઓ વૅકેશનના સમયનો સદુપયોગ કરી વિવિધ હૉબી વિકસાવી શકે તે માટે વિવિધ હૉબીના વર્ગોનું આયોજન સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં આ જ સ્કૂલનાં નિવૃત્ત શિક્ષક વીણાબેન વોરા કરી રહ્યાં છે.

આ હૉબી ક્લાસમાં ભાગ લેવા ગાંધીનગરનાં સૌ બાળકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. હૉબી ક્લાસ અંતર્ગત ધોરણ-૧થી ૪નાં બાળકો માટે ડ્રોઇંગ, પેઇન્ટીંગ અને કાફ્ટની તાલીમ તા. ૧૬ એપ્રિલથી ૨૧ એપ્રિલ દરમિયાન સવારે ૯થી ૧૦.૩૦ સુધી સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં યોજાશે.

ધોરણ-૫થી ઉપરના દરેક બાળક માટે ગ્લાસ પેઇન્ટીંગ અને ફેબ્રિક પેઇન્ટીંગની તાલીમ તા. ૩૪, ૩૪, ૩૫ એપ્રિલના રોજ સવારે ૯થી ૧૧ કલાક દરમિયાન યોજાશે. ઉપરાંત મોકટેઈલ, વેલકમ ડ્રીન્ક, કોલ્ડ્રીંક્સ, ચૉકલેટ, ટ્રફલ વગેરેના તાલીમવર્ગો તા. ૨૬, ૨૭, ૨૮ એપ્રિલ દરમિયાન સવારે ૯થી ૧૧ સુધી યોજાશે.

દરેક તાલીમ વર્ગ માટેનું મટીરીયલ શિક્ષક તરફથી આપવામાં આવશે, આ હૉબી ક્લાસમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજિસ્ટ્રેશન કરાવવા માટે મોબાઈલ નંબર ૯૯૦૫૩ ૫૭૬૩૯ના માધ્યમથી વીણાબેન વોરાનો સંપર્ક કરી શકાય છે.

બીબીએ કૉલેજ દ્વારા મુન્દ્રા બંદરની ઔદ્યોગિક મુલાકાત

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરની કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ) કૉલેજનાં વિદ્યાર્થીઓની સાતત્યપૂર્ણ દરેક સેમેસ્ટરમાં ઇંડસ્ટ્રિયલ વિઝિટનું આયોજન થઈ રહ્યુ છે. જેનાથી વિદ્યાર્થીઓને વ્યાવસાયિક ક્ષેત્રનાં તમામ પાસાઓ સમજવામાં સરળતા રહે છે. ૭૮ વિદ્યાર્થીઓએ કચ્છ જીલ્લામાં આવેલ મુન્દ્રા પોર્ટની મુલાકાત લીધી હતી.સાંપ્રત સમયમાં મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓની માંગ દરેક ક્ષેત્રમાં છે. ત્યારે આ વિઝિટનું મહત્વ વધી જાય છે.આજે પોર્ટ મેનેજમેન્ટમાં પણ રોજગારીની અનેક તકનું સર્જન થયી રહ્યુ છે. ઔદ્યોગીક ક્ષેત્રની મુલાકાત પહેલા પૂરુરાજસિંહ ઝાલાએ અદાણી ગ્રુપ વિષે સંપૂર્ણ માહિતી આપી હતી. વિદ્યાર્થીઓ દ્વારા કુલ પાંચ ઔદ્યોગીક ક્ષેત્રની મુલાકાત લેવામાં આવી હતી, જેમાં ૧૩૭ સ્કવેર કિલોમીટર SEZ તેમજ ૯ સ્કવેર કિલોમીટર વેસ્ટ પોર્ટની મુલાકાત લેવામાં આવી હતી, જેમાં વિદ્યુત પ્લાન્ટ ૨૦૨૦ સુધીમાં ૨૦,૦૦૦ મેગાવોટ પાવર ઉત્પાદન ક્ષમતા વધારવાની નેમ વ્યક્ત કરી છે, જેનાથી ગુજરાત તેમજ સમગ્ર ભારતમાં વીજ સંકટ ઓછું થાય અને દરેક ક્ષેત્રમાં પુરતી વીજળી મળી રહે. પ્રથમ દિવસે મનોહરસિંહ ગોહિલ વિદ્યાર્થીઓની સાથે રહી અદાણી પોર્ટના વિવિધ કાર્યો, પોર્ટનું ભારત દેશના વિકાસમાં મહત્ત્વ, તેમજ પોર્ટનું સચાલન અને વહીવટ વગેરે પાસાઓને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓને પોર્ટની મુલાકાત દરમિયાન ઊંડાણપૂર્વક સમજ આપી હતી.

અહીં કાચોમાલ ક્યાંથી આવે છે તેમજ તમામ પ્રોસેસ બાબતે સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી ખાધ્યતેલની સંપૂર્ણ પ્રોસેસ વિદ્યાર્થીઓને ખૂબ સુંદર રીતે સમજાવવા માં આવ્યુ હતું. અહીં આવેલ શાંતિનાથ મહાદેવનાં દર્શનનો મોકો વિદ્યાર્થીઓને મળ્યો હતો અને સાંજે સમૂહ આરતીમાં ભાગ લીધો હતો. શાંતિવિહાર માં ચંદ્રકાંત પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને રાત્રે ભોજન બાદ સાંસ્કૃતીક કાર્યક્રમ માટે જરૂરી વ્યવસ્થા કરી આપી અને કાર્યક્રમમાં પણ હાજર રહ્યા હતા તેમજ કાર્યક્રમમાં કંપની તરફથી અધિકારી ઉપસ્થિત રહ્યા હતા. બીજા દિવસે સવારે ચંદ્રકાંત પંડ્યા દ્વારા યોગ, હવા, પાણી, ખોરાક તેમજ લાફિંગના ફાયદા સમજાવવામાં આવ્યા હતા.

આ વિઝિટને સફળ બનાવવા માટે સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટી, પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિ ના હેડ ડૉ જયેશ તન્ના, ડો.આશિષ ભુવા અને પ્રો. જાનકી દવે દ્વારા સંપૂર્ણ જવાબદારી નિભાવવામાં આવી હતી.

ઓમ કમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા

૧૬મીથી ગુજરાતી આત્મકથાનાં ૧૫૦ વર્ષની ઉજવણી

૭ દિવસમાં ૧૪ આત્મકથાઓ વિશે ગુજરાતી ભાષાના વક્તાઓ સાહિત્યિક વ્યાખ્યાન આપશે

ગાંધીનગર, તા. ૧૧

ઓમ કમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા તા. ૧૬ એપ્રિલથી ૨૨ એપ્રિલ, સોમવારથી રવિવાર, સાંજે ૬.૦૦ કલાકે આત્મા હૉલ (મીલ ઓનર્સ બિલ્ડીંગ ઓડિટોરિયમ), સિટી ગોલ્ડ સિનેમાની સામે, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે 'ગુજરાતી આત્મકથાનાં ૧૫૦ વર્ષની ઉજવણી' નામે વિશિષ્ટ સાહિત્યિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ઓમ કમ્યુનિકેશનના મેનેજિંગ ટ્રસ્ટી મનીષ પાઠકે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે ગુજરાતી ભાષા-સાહિત્યના ભાવકો અને ચાહકો, ગુજરાતી આત્મકથાના સર્જકો અને એમનાં સર્જન વિશે ઊંડાણથી પરિચય કેળવી શકે એ આયોજનનો મુખ્ય હેતુ છે.

ગુજરાતી ભાષામાં લખાયેલી આશરે ૫૦ આત્મકથાઓમાંથી સાત દિવસમાં ૧૪ આત્મકથાઓ વિશે ગુજરાતી ભાષાના વિદ્વાન અને અભ્યાસી વક્તાઓ સાહિત્યિક વ્યાખ્યાન આપશે. દરરોજ બે આત્મકથા વિશે એક-એક વક્તા વક્તવ્ય આપશે. ઓમ કમ્યુનિકેશન છેલ્લાં પાંચ વર્ષથી આપણી ભાષાના કવિ, સાહિત્યકારના જન્મદિન, પુણ્યતિથિએ નિયમિત દર મહિને સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરે છે. આપણી ભાષા-સાહિત્યનો સમગ્ર ચિતાર, સામાન્ય માણસને મળે એ આશયથી 'ગુજરાતી આત્મકથાનાં ૧૫૦ વર્ષની ઉજવણી' કાર્યક્રમનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે.

ગુજરાતી ભાષા-સાહિત્યના ભાવકો અને ચાહકોને આ કાર્યક્રમ માણવા માટે ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કાર્યક્રમ માણવા માટે કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી નથી.

આજે ગણપત યુનિવર્સિટીનો ૧૨મો સ્થાપના દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૧

નૉલેજ, ઇન્ટીગ્રીટી, હાર્ડવર્ક, સિન્સિયારિટી, લીડરશીપ અને ટીમવર્કના શિક્ષણ, સંસ્કારનું સીંચન કરીને જે પોતાના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનું ઘડતર કરવાની સતત ખેવના રાખે છે એવી ગુજરાતની 'હાઈટેક' તરીકે નામના પામેલી ગણપત યુનિવર્સિટીના ૧૨મા ફાઉન્ડેશન ડેની ઉજવણી તા. ૧૨મી એપ્રિલના રોજ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

પોતાના સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે યુનિવર્સિટીએ 'ફાઉન્ડેશન ડે લેક્ચર' માટે રાજ્યની સુપ્રતિષ્ઠિત એવી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના વાઈસ ચાન્સેલર પ્રૉ. અર્કનાથ ચૌધરીને નિમંત્રણ પાઠવ્યું છે. પ્રૉ. અર્કનાથ ચૌધરી આ અવસરે 'વૈદિક ધર્મ સંપ્રદાય : નિરપેક્ષ માનવધર્મ' વિષયે પોતાનું ચિંતન વ્યક્ત કરશે. તેઓ ગુજરાતની સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર બન્યા તે પહેલાં જયપુરની રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાનમાં લાંબો સમય પોતાની સેવાઓ આપી ચૂક્યા છે. આ ઉપરાંત એમણે ઝારખંડ અને આંધ્રપ્રદેશની વિવિધ સંસ્કૃત વિદ્યાલયોમાં વ્યાખ્યાતા તરીકે સેવાઓ આપી છે.

પ્રૉ. અર્કનાથ ચૌધરીનું વતન બિહારના મધુબની જિલ્લાનું રૂદ્રપુર નામનું ગામ છે, પરંતુ સંસ્કૃત જેવા વિષયમાં એમણે પોતાના અભ્યાસ-સંશોધનનું વિદ્વત્તાપૂર્ણ કાર્ય કર્યું અને દેશભરમાં ખ્યાતિ મેળવી છે. સંસ્કૃત દર્શનશાસ્ત્રમાં એમએની પદવી મેળવનાર પ્રૉ. અર્કનાથ ચૌધરીએ વ્યાકરણશાસ્ત્રમાં અભ્યાસ કરી સંસ્કૃત આચાર્યની પદવી પણ પ્રાપ્ત કરી છે. સંસ્કૃતમાં વ્યાકરણ, સાહિત્ય, દર્શન, તંત્ર અને વેદ જેવા વિષયોમાં એમના ગહન અભ્યાસ-સંશોધનના પરિપાકરૂપે એમણે ૨૧ પુસ્તકો લખ્યાં છે અને ૩૫ જેટલાં સંશોધન પત્રો તૈયાર કર્યાં છે.

તા. ૧૨ એપ્રિલ ને ગુરુવારના રોજ ગણપત યુનિવર્સિટીના ઓડિટોરિયમ (ન્યૂ એમબીએ બિલ્ડીંગ) ખાતે બપોરે ૩થી ૫ દરમિયાન યોજાઈ રહેલા આ ૧૨મા સ્થાપના દિન વ્યાખ્યાનમાં ગણપત યુનિવર્સિટીના ડિરેક્ટર જનરલ પ્રૉ. ડૉ. મહેન્દ્ર શર્મા, બોર્ડ ઓફ ગવર્નર્સ, યુનિવર્સિટીની વિવિધ ફૅકલ્ટીઝના ડીન, આચાર્યો, વિભાગીય વડાઓ, સંસ્થાના ટ્રસ્ટીઓ, વિશેષ આમંત્રિત મહેમાનો સહિત સેંકડો પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી ઉજવણીને વધુ યાદગાર અને સાર્થક બનાવશે.

પી જી મૅડિકલની પ્રવેશ પ્રક્રિયા બાદ મૅડિકલ-ડેન્ટલમાં પ્રવેશની કાર્યવાહી

ગાંધીનગર, તા. ૧૧

ધો.૧૨ સાયન્સ પછીના ડિગ્રી ઈજનેરી-ફાર્મસીમાં પ્રવેશ માટે સમિતિ દ્વારા હાલ ફોર્મ વિતરણ અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનું શરૂ કરી દેવાયું છે. બીજી બાજુ મેડિકલની પ્રવેશ પ્રક્રિયા આ વખતે કેવી રીતે થશે એ કયારથી થશે તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ-વાલીઓને અગાઉથી માહિતી અને માર્ગદર્શન મળી રહે તે માટે પરીક્ષા પુરી થયા બાદ તાકીદે ફોર્મ અને પિન વિતરણ શરૂ કરાયું છે. આ ઉપરાંત પ્રવેશ સમિતિ દ્વારા જુદા જુદા શહેરોમાં વર્કશોપનું આયોજન કરીને વિદ્યાર્થીઓ ઓનલાઈન પ્રવેશ કેવી રીતે લેવો, કોલેજની પસંદગી કેવી રીતે કરવી તે સહિતની જાણકારી આપવાનું શરૂ કરી દેવાયું છે. જયારે મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ પ્રક્રિયા અંગે કોઈ જાહેરાત કરાઈ નથી.

ગત વર્ષની જેમ આ વખતે પણ મેડિકલ-ડેન્ટલમાં ઓનલાઈન પ્રવેશ થશે તે નિશ્ચિત છે પરંતુ તે માટેના ફોર્મ કયારથી મળશે, કેવી રીતે મળશે અને કેટલી બેઠકો વધશે તે સહિતની કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. નોંધનીય છે કે ગતવર્ષથી મેડિકલ અને પી.જી.મેડિકલ સહિતની તમામ પ્રવેશ પ્રક્રિયા ગાંધીનગર સ્થિત પ્રવેશ સમિતિ દ્વારા કરવામાં આવી છે. પહેલા વર્ષે ઓનલાઈન પ્રવેશમાં કોઈ મુશ્કેલી ઊભી ન થઈ હોવાથી આ વખતે પણ ગાંધીનગરથી જ કાર્યવાહી કરવામાં આવશે તે નક્કી છે પરંતુ વિદ્યાર્થીઓ-વાલીઓની જાણકારી માટે પણ સમિતિ દ્વારા કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. આ અંગે પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે હાલમાં પી.જી.મેડિકલની પ્રવેશ પ્રક્રિયા ચાલુ રહી છે જે પુરી થયા બાદ મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

૧૪મીથી કમુર્તા પૂર્ણ : માંગલિક કાર્ય થઈ શકશે

ગાંધીનગર, તા. ૧૧

તા.૧૪મી એપ્રિલે સૂર્યનારાયણ મીન રાશિનું ભ્રમણ છોડીને મેષ રાશિમાં પ્રવેશ કરી રહ્યાં છે. જેને કારણે મીનાર્ક કમુર્તા પૂર્ણ થશે અને માંગલિક કાર્યોનો પ્રારંભ થઈ શકશે. જ્યારે દેશના અનેક પ્રદેશોમાં નૂતન વર્ષની પણ ઉજવણી થશે. તા.૧૬મી એપ્રિલના રોજ ચૈત્રી સોમવતી અમાસ છે. જ્યારે તા.૧૮મી એપ્રિલના રોજ અક્ષય તૃતીયા છે ત્યારે શનિ પણ વક્રી બનશે.

તા.૧૪મી એપ્રિલના રોજ સવારે ૮.૧૪ વાગ્યે સૂર્ય નારાયણ મીન રાશિમાંથી મેષ રાશિમાં પ્રવેશ કરી રહ્યાં છે. આ દિવસે મીનાર્ક કમુર્તા પૂર્ણ થઈ રહ્યાં છે. સાથે જ લગ્નાદિ માંગલિક કાર્યોનો પ્રારંભ થશે. જે તા.૧૫મી મે સુધી થઈ શકશે. ત્યારથી તા.૧૬મી મેથી અધિક માસનો પ્રારંભ થશે. તેમાં પણ લગ્નાદિ કાર્યો તથા ખરીદી માટે ઉત્તમ એવી અક્ષય તૃતીયા પણ તા.૧૮મી એપ્રિલના રોજ આવી રહી છે. જે દિવસે પણ મોટી સંખ્યામાં લગ્નો થશે. સાથે જ અક્ષયતૃતીયાની ઉજવણી થશે. બદરી-કેદારનાથની યાત્રાનો પ્રારંભ થશે. વર્ષીતપનાં પારણા થશે.જ્યારે તા.૧૬મી એપ્રિલના રોજ સોમવતી અમાસ છે, પરંતુ એ સૂર્યોદયથી સવારે ૭.૨૮ સુધી રહે છે.

ડિકેથ્લોન ખાતે યોગ શિબિર યોજાઈ



ગાંધીનગરમાં આવેલા ડિકેથ્લોન ખાતે ત્રણ દિવસીય યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગ ગુરુ નિરજા શુક્લાએ યોગ, પ્રાણાયામ, આસન, મુદ્રાઓની સમજ અને શિક્ષણ આપ્યું હતું. આ શિબિરનું આયોજન ફ્રેન્ડસ ગ્રુપ અને બુલેટ વર્લ્ડના વનરાજસિંહ દ્વારા કરવામાં આવ્યું હતું. યોગ સાધના અને મેડિટેશન ટેકનીકનો લાભ ૮૦થી વધુ લોકોએ લીધો હતો.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ધો. ૧માં પ્રવેશ માટેની સત્તાવાર જાહેરાત

ગાંધીનગર, તા. ૧૧

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ માટેની સત્તાવાર જાહેરાત શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવી છે. આ વખતે પણ RTEની પ્રવેશ કાર્યવાહી ઓનલાઈન કરવાનું નક્કી કરાયું છે. જેમાં વાલીઓ ૧૯ એપ્રિલથી ઓનલાઈન ફોર્મ ભરી શકે તેવી વ્યવસ્થા કરાઈ છે. આ વખતની પ્રવેશ કાર્યવાહીમાં જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓને પ્રથમથી જ સમાવી લેવાયા છે. અગાઉ તેમને પાછળથી સમાવવામાં આવ્યા હતા. વાલીઓએ ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ તેની પ્રિન્ટ કાઢી સ્વીકાર કેન્દ્ર પર જમા કરાવવાની રહેશે.

ધોરણ-૧માં RTE અંતર્ગત પ્રવેશ માટેની સત્તાવાર જાહેરાત શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવી છે. જે પ્રમાણે ૧ જૂન, ૨૦૧૮ના રોજ પાંચ વર્ષ પૂર્ણ થતાં હોય તેવા વિદ્યાર્થીઓ RTE અંતર્ગત પ્રવેશ માટે લાયક ગણાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. RTE અંતર્ગત પ્રવેશ મેળવવા માટે વાલીઓએ RTEની વેબસાઈટ www.rtegujarat.rog પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. ૧૯ એપ્રિલથી ૫ મે સુધી વાલીઓ વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરી શકશે. અરજી સાથે કયા આધાર પુરાવાની જરૂર પડશે તે અંગેની વિગતો પણ વેબસાઈટ પર મૂકાઈ છે. વાલીઓ ઓનલાઈન ફોર્મ ભરવા માટે સ્વીકાર કેન્દ્રોની પણ મદદ લઈ શકશે. જે વાલીઓ ઓનલાઈન ફોર્મ ભરી શકે તેમ ન હોવાથી સ્વીકાર કેન્દ્ર પર જઈ કોરૂ પ્રવેશ ફોર્મ મેળવી જરૂરી વિગતો ભરી પરત આપશે તો તેઓનું ફોર્મ સ્વિકાર કેન્દ્ર પર ઉપસ્થિત કર્મચારી દ્વારા ઓનલાઈન ભરી આપવામાં આવશે. ઓનલાઈન ભરેલા ફોર્મની પ્રિન્ટ કાઢી દસ્તાવેજી પુરાવાઓ સાથે નજીકના સ્વીકાર કેન્દ્ર ખાતે ૧૯ એપ્રિલથી ૮ મે સુધીમાં જમા કરાવી શકશે. આમ, હવે સત્તાવાર રીતે RTEના પ્રવેશની કાર્યવાહી શરૂ થઈ છે. RTEમાં ગતવર્ષે પ્રવેશ શરૂ થયું ત્યારે જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો ન હતો. પરંતુ પ્રવેશ કાર્યવાહી મધ્યમાં પહોંચી ત્યારે તેનો સમાવેશ કરાયો હતો. જોકે, આ વખતે તો શરૂઆતથી જ જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓનો RTEની પ્રવેશ કાર્યવાહીમાં સમાવેશ કરી દેવાયો છે.